Extra No. 262

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, JULY 18, 2025 / ASADHA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૨/૨૫.-ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ ખંભાત-તારાપુર સ્ટેટ હાઈવે રોડ ઉપર ભાટતલાવડી-લુણેજ કાંસ પર આવેલ બ્રીજ જર્જરીત સ્થિતીમાં હોય અને સદર બ્રીજ નવેસરથી બનાવવાની કામગીરીમાં બે માસનો સમય લાગે તેવી સંભાવના હોય જે બાબતે તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર કામચલાઉ પ્રતિબંધ મુકવામાં આવે તે માટે નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગો પર ડાયવર્ઝન કરવા અંગે બે માસ સુધી અમલમાં રહે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદએ તેમના પત્ર નં.પેસિવિ/હાથીયાખાડ/રૂટ ડાયવર્ઝન/૧૦૦૫/૨૦૨૫, તા.૧૧/૦૪/૨૦૨૫થી દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના પત્ર નં.સીબી-૫/કાંસ બ્રિજ/ડાયવર્ઝન રૂટ/૬૨૦૨/૨૫, તા.૦૨/૦૫/૨૦૨૫ થી અત્રે અભિપ્રાય મોકલી આપેલ છે. જે અંગે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ જેની મુદત પુર્ણ થતાં કાર્યપાલક ઈજનેરશ્રી, પેટલાદ સિંચાઈ વિભાગ, પેટલાદના પત્ર નં.જા.નં.પેસિંવી/પીબી-૧/હાથીયાખાડ/૧૬૯૫, તા.૨૩/૦૬/૨૦૨૫ થી બ્રિજની કામગીરીમાં દિવાલ ધસી પડવાને કારણે અકસ્માત થવાને કારણે વિલંબ થતાં સદર જાહેરનામાની મુદત આગામી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી લંબાવવા રજુઆત કરેલ છે.

વાસ્તે, હુ ઋતુરાજ દેસાઈ, (GA.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૦૩/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર નાના/મધ્યમ વાહનો તથા ભારે વાહનોના ટ્રાફીક ડાયર્ઝટ કરવા હુકમ કરૂ છુ.

રૂટ :

(૧) તારાપુર-જીણજ ચોકડીથી ખંભાત તરફ જતો તમામ વાહન વ્યવહાર

(૨) ખંભાત થી તારાપુર તરફ જતો તમામ વાહન વ્યવહાર

ડાયવર્ઝન રૂટ:

(૧) નાના તથા મધ્યમ વાહનો:- તારાપુર બાજુથી ખંભાત તરફ જતાં વાહનો સાંઠ ચોકડીથી ડાબી બાજુ વળી રંગપુર ગામ થઈ નગરા થઈ ખંભાત તરફ જઈ શકશે.

(૨) નાના તથા મધ્યમ વાહનો:- ખંભાત બાજુથી તારાપુર તરફ જતાં વાહનો નગરા ગામ થઈ રંગપુર ચોકડી થી ડાબી બાજુ વળી સાંઠ ચોકડી થી તારાપુર તરફ જઈ શકશે.

(૩) ભારે વાહનો:- તારાપુર બાજુથી ખંભાત તરફ જતાં વાહનો જીણજ ચોકડીથી જમણી બાજુ વળી ખંભાત ગોલાણા રોડ પર આવેલ દહેડા ટી.પોઈન્ટ થી ડાબી બાજુ વળી ખંભાત તરફ જઈ શકશે.

(૪) ભારે વાહનો:- ખંભાત બાજુથી તારાપુર તરફ જતાં વાહનો ગોલાણા રોડ ઉપર આવેલ દહેડા ટી.પોઈન્ટ થી જમણી,બાજુ વળી જીણજ ચોકડી થી તારાપુર તરફ જઈ શકશે.

આ હુકમથી જે રસ્તો બંધ કરવામાં આવેલ છે તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્જન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો

નં પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૩/૨૫.-આણંદ પો.સ્ટે. વિસ્તારમાં આગામી તા.૦૫-૦૬/૦૭/૨૦૨૫ ના રોજ મહોરમ-તાજીયાના તહેવારની ઉજવણી થનાર હોય. આ તહેવારમાં મુસ્લિમ બિરાદરો દ્વારા તાજીયા કાઢવામાં આવતા હોય જે તાજીયા સામરખા ઓવરબ્રીજ થઈ ગોયા તળાવ ખાતે જતા હોઈ જે તાજીયા દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબના રૂટ ઉપર તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ કતલની રાત્રે ક.૨૦/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૫ ક.૨.૦૨/૦૦ સુધી તેમજ તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ મહોરમ (તાજીયા ઝુલુસ) તહેવાર દરમ્યાન ક.૧૩/૦૦ થી ક.૨૨/૦૦ સુધી રૂટ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.એલ.આઈ.બી/મહોરમ/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/૧૦૧૮/૨૦૨૫ તા.૦૩/૦૭/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ કતલની રાત્રે ક.૨૦/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૫ ક.૨.૦૨/૦૦ સુધી તેમજ તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ મહોરમ (તાજીયા ઝુલુસ) તહેવાર દરમ્યાન ક.૧૩/૦૦ થી ક.૨૨/૦૦ સુધી,પ્રવેશબંધી કરી નીચે જણાવ્યા મુજબના રૂટ પર ડાયવર્ટ કરવા માટે હુકમ કરુ છું.

ડાયવર્ટેડ રૂટ:-

(૧) આણંદ નવા બસ સ્ટેન્ડ ગોયા તળાવ થી સામરખા ચોકડી તરફ જતા વાહનો આણંદ નવા બસ સ્ટેન્ડ થી ગ્રીડ ચોકડી થઈ લોટીયા ભાગોળ ઓવરબ્રીજ થઈ ગણેશ ચોકડી ચીખોદ્રા ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જશે.

(૨) સામરખા ચોકડી થી આણંદ નવા બસ સ્ટેન્ડ તરફ પ્રવેશતા વાહનો સામરખા ચોકડી થી ચીખોદ્રા ચોકડી થઈ ગણેશ ચોકડી થઈ આણંદમાં પ્રવેશ કરશે.

(૩) જુના દાદર થી ગુજરાતી ચોક, મહાવિર માર્ગ, મહેન્દ્રશાહ હોસ્પિટલ તરફ જતા વાહનો જુના દાદરથી લક્ષ્મી ચાર રસ્તા, પાયોનીયર હાઈસ્કૂલ તરફ થઈને જશે.

(૪) આણંદ ૮૦ ફૂટ રોડ તથા સંકેત ચાર રસ્તા તરફથી અટલ ચોક ૧૦૦ ફૂટ રોડ થઈ સામરખા ચોકડી તરફ જતા વાહનો- આણંદ ગ્રીડ ચોકડી થઈ લોટીયા ભાગોળ ઓવરબ્રીજ થઈ ગણેશ ચોકડી ચીખોદ્રા ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાતા ગુજરાત પોલીસ અધિનિયમ. ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો

નં પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૪/૨૫.-ભારતના માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબનાઓ તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ હેલીકોપ્ટર મારફતે આણંદ ટાઉન પો.સ્ટેની હદના આણંદ ખેતીવાડી તમાકુ સંશોધન કેન્દ્ર હેલીપેડ થી રોડ માર્ગે નિકળી એન.ડી.ડી.બી. થઇ સીટી પોઇન્ટ ત્રણ રસ્તા થઈ ગણેશ ચોકડી થઈ ગણેશ ફાટક થઇ અમુલ ડેરી ખાતે પધારનાર હોય, તે દરમ્યાન સભામાં મોટી સંખ્યામાં વી.વી.આઈ.પી. તેમજ વી.આઈ.પીઓ તથા ખેડુતો પધારનાર હોય, જેથી તેઓના આવવાના દિવસ દરમ્યાન ટ્રાફીક નિયમન તેમજ સુરક્ષા જળવાઇ રહે તે સારૂ નીચે જણાવેલ રસ્તા ઉપર ડાયવર્ઝન કરવું જરૂરી હોય તે માટે જાહેરનામું બહાર પાડવામાં આવે તે માટે નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગો ઉપર તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ સ.ક.૦૭/૦૦ થી ક.૧૭/૦૦ સુધી જાહેરનામુ બહાર પાડવા માટે પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્રનં. એલઆઇબી/વીવીઆઈપી/ડાયવર્ઝન/બંદો/રોડ/ડાયવર્ઝન/જાહેરનામુ/૧૦૧૯/૨૦૨૫,તા.૦૩/૦૭/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૬/૦૭/૨૦૨૫ ના સ.ક.૦૭/૦૦ થી ક.૧૭/૦૦ દરમ્યાન નીચે જણાવેલ રૂટ ઉપર આવતા તમામ વાહનો માટે નીચે જણાવેલ રૂટ પરના વાહનોને ડાયવર્ઝનવાળા રૂટ ઉપર જવા હુકમ કરુ છું.

વાહનો પ્રતિબંધીત રૂટ:

(૧) ગણેશ ચોકડીથી રેલ્વે ગોદી સુધી

(૨) વ્યાયામશાળા ત્રણ રસ્તા થી ઉત્સવ પાર્ટી પ્લોટ, શાસ્ત્રીબાગ થી અમુલ તરફ આવતા વાહનો માટે

(૩) તુલસી ગરનાળા થી ગુરૂદ્વારા સર્કલ આવતા વાહનો

(૪) ચિખોદરા ચોકડીથી બોરસદ ચોકડી સુધી ભારે વાહન પ્રવેશ ઉપર પ્રતિબંધ

વૈકલ્પીક માર્ગો:

(૧) આણંદ ગણેશ ચોકડી થી આણંદ રેલ્વે સ્ટેશન તરફ જતા વાહનો બોરસદ ચોકડી થઇ મહારાણા પ્રતાપ સર્કલ થઇ ટાઉન હોલ થઈ નવા બસ સ્ટેશન થઈ ગામડી વડ થઈ ગોપાલ ચાર રસ્તા થઈ રેલ્વે સ્ટેશન તરફ જશે.

(૨) આણંદ રેલ્વે સ્ટેશન તરફથી ગણેશ ચોકડી તરફ જતા વાહનો ગોપાલ ચાર રસ્તા થઇ ગામડી વડ થઇ નવા બસ સ્ટેશન થઇ ટાઉન હોલ થઈ મહારાણા પ્રતાપ સર્કલ થઇ બોરસદ ચોકડી થઇ ગણેશ ચોકડી તરફ જઇ શકશે.

(૩) ગામડી તરફથી આવતા વાહનો ગણેશ ઓવરબ્રીજ થઇ ગણેશ ચોકડી થઈ બોરસદ ચોકડી થઇ મહારાણા પ્રતાપ સર્કલ આણંદ તરફ જઈ શકશે.

(૪) ચિખોદરા ચોકડીથી જનતા ચોકડી તરફ જતા વાહનો ભારે વાહનો સામરખા ચોકડી થઈ સરદારબાગ ચોકી થઈ નવા બસસ્ટેન્ડ થઇ જઇ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ફ) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૫/૨૦૨૫.૩૦ ગુજરાત બટાલીયન એન.સી.સી., ગોધરાનાઓને તેમના તા.૧૬/૦૬/૨૦૨૫ ના પત્રથી -તા.૧૪/૦૭/૨૦સ્યા થી તા.૨૩/૦૭/૨૦૨૫ સુધી થામણા એજ્યુકેશન ટ્રસ્ટ, મુ.થામણા, તા.ઉમરેઠ, જિ.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૦૨/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/

સી-૧૨૬/૨૫થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

સબબ હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉમરેઠ પો.સ્ટે.ની હદમાં આવેલ થામણા એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ, થામણા(એક કિલોમીટર) વિસ્તારમાં તા.૧૪/૦૭/૨૦૨૫ થી તા.૨૩/૦૭/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજરોજ તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૮૬/૨૦૨૫.-આગામી તા. ૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ગુરૂ પૂર્ણિમાનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તથા ગૌરીવ્રત શરૂ થનાર હોય તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૮/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૭/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય/જાહેરનામુ/૧૦૫૦/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૮/૦૭/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૦૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૮૭/૨૫.-મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી ઉપરનો ગંભીરા પુલ આજ રોજ વહેલી સવારે તુટી ગયેલ હોય જેના પરીણામે સદરહું રસ્તા ઉપર વાહનની અવર-જવર દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વાહન વ્યવહાર બંધ કરવાનું યોગ્ય જણાઈ આવતું હોઈ તા.૦૯/૦૭/૨૦૨૫ થી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવો ઉચીત જણાતો હોય.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૯/૦૭/૨૦૨૫ થી ગંભીરા બ્રીજ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી ગંભીરા બ્રીજ ઉપર આવતા અને જતા તમામ પ્રકારના વાહનો માટે નીચે જણાવેલ રૂટ ઉપર ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

પ્રતિબંધીત રૂટઃ-

૧. પાદરા આણંદ ને જોડતા ગંભીરા પુલ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ.

૨. ઉમેટા બ્રીજ ભારે વાહનો માટે પ્રતિબંધીત રહેશે.

ડાયવર્ટેડ રૂટઃ-

૧. તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોએ સીધા વાસદ થઈને વડોદરા તરફ જવું.

૨. બોરસદ તાલુકાના ગામડાઓમાંથી વડોદરા તરફ જતા નાના વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ ઉમેટા થઈને નીકળવું તેમજ ભારે વાહનોએ વાસદ રૂટનો ઉપયોગ કરવો.

૩. પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રીજની જગ્યાએ નાના વાહનોએ ઉમેટા તરફ જવું અને મોટા વાહનોને વાસદ થઈને નીકળવું.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.07 19:14:22 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara